# 2308000104051002
# EXAMINATION FEBRUARY-MARCH 2024
# BACHELOR OF COMMERCE (FOURTH SEMESTER)
# ADVANCED ACCOUNTING &
# AUDITING PAPER – IV - LEVEL 5

[**Time: As Per Schedule]** **[Max. Marks:50]**

| Instructions: | Seat No: |
|---|---|
| **1. Fill up strictly the following details on your answer book**<br>a. Name of the Examination : **BACHELOR OF COMMERCE (FOURTH SEMESTER)**<br>b. Name of the Subject : **ADVANCED ACCOUNTING & AUDITING PAPER – IV- LEVEL 5**<br>c. Subject Code No : **2308000104051002**<br>2. Sketch neat and labelled diagram wherever necessary.<br>3. Figures to the right indicate full marks of the question.<br>4. All questions are compulsory.<br>5. Necessary calculations are the part of an answer. | Student’s Signature |

**Q.1 નીચેના પ્રશ્નોના જવાબ આપો.** **15**
**Answer the following questions.**

(1) મૂડી ઘટાડો કરવા માટેનું સૌથી મહત્વનું કારણ__________
The most important reason for capital reduction is_______

(2) બોનસ શેર કોને આપી શકાય?
To whom can bonus shares be given?

(3) રિસાઇટ્સ, ફોર્મ્યુલા, મોડલ્સ, ડિઝાઇન અને પ્રોટોટાઈપ એ કઈ મિલકતો છે?
What are the properties of a Recipes,Formulae, Models, Design And Prototypes?

(4) માંડી વાળેલ પ્રાથમિક ખર્ચા વાર્ષિક હિસાબોમાં ક્યાં દર્શાવાય છે?
Where is the deferred preliminary cost shown in the Final Account?

(5) શિવ કંપનીએ રૂ. ૧૦ નો એક એવા ૩૦,૦૦૦ રિડી. પ્રેફરન્સ શેર પરત કરવા માટે રૂ.૧૦૦ નો એક એવા ૨૦૦૦ ઇક્વિટી શેર ૧૦% પ્રીમિયમથી બહાર પાડ્યા, જેથી નફામાંથી મૂડી પરત અનામત ખાતે લઈ જવાની રકમ થશે?

Shiv co. decided to redeem 30,000 Redeemable Preference shares of Rs. 10 each. If it is decided to issue 2000 Equity shares of Rs. 100 each at 10% Premium for the above purpose, then the amount to be transferred to capital redemption reserve is_______

(6) રિડી. પ્રેફરન્સ શેરહોલ્ડરોને નાણા પરત કરતા જો કોઈ પ્રેફરન્સ શેરહોલ્ડરોને શોધી શકાય તેમ ન હોય તો તેમને નહી ચૂકવી શકાય તેવી રકમ ક્યાં ખાતે લઈ જવામાં આવે છે?

Refunding money to preference shareholders if no preference shareholders can Be traces, then unpaid amount to carried forward in which account?

(7) બોનસ શેર બહાર પાડ્યા બાદ અનામતોમાં__________ થાય છે.જયારે શેરમૂડીમાં__________થાય છે.

After the issue of bonus shares, Reserve________ while share capital_________

(8) ૨૦૧૩ ના કંપનીધારાની કઈ કલમ હેઠળ ભરાયેલી રકમ માંડી વાળી શકાય છે?

According to which section of the Companies Act 2013 the amount paid can Be Diverted?

(9) શેર સોપણી ખાતામાં બાકી રહેલ રકમ ક્યાં ખાતે લઇ જવામાં આવે છે?

Balance of Shares Surrender A/c is carried forward in which account?

(10) પાકા સરવૈયામાં શેરમૂડીમાં બાકી હપ્તા________અને શેર જપ્તી ખાતું_______આવે છે.

Calls in arrears are______ from share capital and share forfeiture account is ______ in share capital in balance sheet.

(11) મૂડી ઘટાડાની યોજના વખતે કોણ ભોગ આપશે?

Who will sacrifice in the capital reduction scheme?

(A) ઇક્વિટી શેરહોલ્ડરો
Equity Shareholders

(B) પ્રેફરન્સ શેરહોલ્ડરો
Preference Shareholders

(C) લેણદારો
Creditors

(D) જરૂરિયાત મુજબ ઉપરના બધા
all of the above as per requirements

(12) બે બોનસ વચ્ચેનો સમયગાળો ઓછામાં ઓછો________
Minimum time period for two bonus issues must be_______

(A) ૧૨ માસ
12 months

(B) ૨૪ માસ
24 months

(C) ૩૬ માસ
36 months

(D) ઉપરમાંથી એક પણ નહિ
None of Above

(13) _________પ્રેફરન્સ શેર પરત કરી શકાય નહિ.
__________Preference shares cannot be redeemed.

(A) રીડીમેબલ
Redeemable

(B) પૂર્ણ ભરપાઈ
Fully paid

(C) બહાર પાડ્યાના ૫ વર્ષ સુધી
Within 5 years of issue

(D) અંશતઃ ભરપાઈ
Party paid up

(14) ડિવિડન્ડ જાહેર થયા પછી_________ દિવસમાં ચૂકવી આપવું જોઈએ.
Dividend should be paid within_______days from the date of declaration.

(15) ચુકવવાની બાકી મજૂરી કંપનીધારો ૨૦૧૩ ના પરિશિષ્ટ-૩ મુજબના પાકા સરવૈયા માં________તરીકે દર્શાવશે.

The outstanding wages shall be shown in the balance sheet as per schedule-3 of the Companies Act 2013 as___________

(A) ટુંકાગાળાની જોગવાઈઓ
Short term provisions

(B) અન્ય ચાલુ દેવા
Other Current liabilities

(C) વેપારી દેવા
Trade payables

(D) એક પણ નહિ
None of Above

**Q.2 નીચેના પ્રશ્નોના ઉત્તર આપો. (ગમે તે ચાર)** **8**

**Answer the following. (Any Four)**

(A) કંપનીધારો ૨૦૧૩ ના શિડ્યુલ્ડ-૩ મુજબ પાકું સરવૈયું તૈયાર કરતી વખતે નીચેની વિગતો ક્યાં શીર્ષક અને પેટા શીર્ષક હેઠળ દર્શાવાય તે જણાવો.

How will you disclose the following items while preparing the balance sheet Of a Company as per the schedules-3 of the Companies Act 2013?

1. શેર ઓપ્શનની બાકી રકમ
   Share Options Outstanding account

2. અગાઉથી મળેલ હપ્તા
   Premium on Redemption of Debentures

3. ડિબેન્ચર પરત પ્રીમિયમ
   Calls-in-Advanced

4. ટેલીફોન માટે સલામતી ડિપોઝીટ
   Security Deposit for Telephone

(B) લેણદારો તેમના લેણા પેટે રૂ.૫૦,૦૦૦ જતા કરવા સંમત થયા. તે પેટે તેમને સોંપી દીધેલ શેર પૈકી રૂ. ૨૫,૦૦૦ ના શેર આપવામાં આવ્યા, આમનોંધ લખો.

Creditors agree to cancel Rs. 50,000 out of their dues. In consideration of this, They are given surrendered shares of Rs. 25,000. Write the entries in the Books.

(C) મલય કંપની લિ. તેના ૧૫% ના ૨૦,૦૦૦ પ્રેફરન્સ શેરો દરેક રૂ. ૧૦૦ શેરદીઠ ૭૦ ભરપાઈ ૨૫% ના પ્રીમિયમે પરત કરવા માંગે છે.કંપનીના ચોપડે જામીનગીરી પ્રીમિયમ રૂ. ૧,૦૦,૦૦૦ સામાન્ય અનામત ખાતે રૂ. ૪,૮૦,૦૦૦ બાકી દર્શાવે છે. કંપનીએ રૂ. ૧૦ નો એક એવા ઓછામાં ઓછા ઇક્વિટી શેર ૨૦% પ્રીમિયમે બહાર પાડ્યા. કંપનીના ચોપડે શેર બહાર પાડવાની આમનોંધ લખો.

Malay company desire to redeem its 15% 20,000 preference share of Rs, 100 Each paid up 70 per share at 25% premium. In this book of company there Was balance of Security Premium Rs. 1,00,000 and Capital Reserve Rs. 4,80,000. Company issued minimum of equity share of Rs. 10 each 20% Premium. Write journal entry of issuing equity share in the books of Company.

(D) શક્તિ કંપનીના ડિબેન્ચર હોલ્ડરો ૧૫% ના રૂ. ૫૦,૦૦૦ ના ડિબેન્ચર્સ ધરાવે છે.તેઓએ ડિબેન્ચર્સની અંશતઃ ચુકવણી પેટે રૂ. ૨૨,૫૦૦ ના ચોપડે કિંમતનું મકાન રૂ. 30,000 ની કિંમતે સ્વીકાર્યાં. મૂડી ઘટાડાના સંદર્ભમાં જરૂરી આમનોંધ લખો.

The Debenture holders of a Shakti company holding 15% Debenture of Rs. 50,000 have agreed to accept the building valued at Rs. 22,500 valued at Rs. 30,000 as full settlement of their dues of Debentures.
Write the journal entry in the books of company in reference of capital Reduction scheme.

(E) શ્રીયા કંપની લિ. ની સત્તાવાર થાપણ રૂ. ૨,૦૦,૦૦૦ છે જે રૂ. ૧૦૦ નો એક એવા ઇક્વિટી શેરોમાં વહેચાયેલી છે. રૂ. ૧૦૦ નો એક એવા શેરમાં વહેચાયેલી કંપનીની બહાર પાડેલી થાપણ રૂ. ૧,૨૦,૦૦૦ છે અને શેરદીઠ રૂ. ૮૦ મંગાવેલા અને ભરાયેલ છે.

સામાન્ય અનામત રૂ. ૧,૦૮,૦૦૦

ઠરાવવામાં આવ્યું કે -
શેરને પૂર્ણ ભરપાઇ કરવા બોનસ ડિવીડન્ડ જાહેર કરવું.
શ્રીયા કંપનીના ચોપડે આમનોંધ આપો.

Shriya Co. Ltd has an authorized capital of Rs. 2, 00,000 in Equity shares of Rs. 100 each. The issued Equity share capital of the company was Rs.1,20,000 divided into shares of Rs. 100 each, Rs. 80 per share called up and paid Up.

General Reserve Rs. 1,08,000

The Company decided- To convert partly paid Equity shares in to fully Paid shares.
Write journal entries in the books of the company.

(F) નીચે આપેલ તા. ૩૧-૩-૨૦૨૩ ના રોજની કાચા સરવૈયાની બાકીઓ તથા હવાલાઓ ધ્યાનમાં લઇ કંપનીના પાકા સરવૈયામાં તેની અસર દર્શાવો.

| | |
|---|---|
| વેચાણ (વેચાણવેરા સહિત) | રૂ. ૩,૧૧,૦૦૦ |
| ચૂકવેલ વેચાણવેરો | રૂ.૧૧,૦૦૦ |
| ચૂકવવાનો બાકી વેચાણવેરો | રૂ. ૪૦૦૦ |
| દેવાદારો | રૂ. ૧,૧૨,૫૦૦ |

વેચાણમાં જાંગડ પર મોકલેલ માલનો સમાવેશ થાય છે. આ માલ વેચાણ કિંમત પર ૨૦% નફો ચઢાવીને મોકલેલ છે. તા: ૩૧-૩-૨૦૨૩ ના રોજ ગ્રાહકોએ જણાવ્યું કે $\frac{૪}{૫}$ ભાગનો માલ રાખી લીધેલ છે અને તેની પડતર કિંમત રૂ. ૧૦,૦૦૦ છે.

Show the effect in Balance Sheet of the company after taking into consideration the balances of the trial balance on 31-3-23 and adjustments mentioned below:

| | |
|---|---|
| Sales (including Sale tax) | Rs. 3,11,000 |
| Sales tax paid | Rs. 11,000 |
| Unpaid sales tax | Rs. 4000 |
| Debtors | Rs. 1,12,500 |

The sales figure included good sent on sales or return which has by adding 20% profit on sales. Customers have informed on 31-3-23 that they have retained $\frac{4}{5}$ of the goods which cost price was Rs. 10,000.

(G) શેરમૂડી ઘટાડાના કારણો જણાવો.
State the reasons for Reducing Share Capital.

(H) બોનસ શેરના ફાયદા જણાવો.
State the Advantages of Bonus Share.

**Q.3 તા. ૩૧-૩-૨૦૨૪ ના રોજનું શંકર લિ.નું પાકું સરવૈયું નીચે પ્રમાણે છે:** **13**

| **વિગત** | **નોંધ** | **રકમ રૂ.** |
|---|---|---|
| **(I) ઇક્વિટી અને દેવા** | | |
| **(૧) શેરહોલ્ડરોના ભંડોળો** | | |
| (અ) શેરમૂડી ; ૫૦,૦૦૦ ઇક્વિટી શેર દરેક રૂ. ૨૦ નો શેરદીઠ રૂ. ૧૦ ભરપાઇ | | ૫,૦૦,૦૦૦ |
| ૮% ની પ્રેફ . શેરમૂડી ૪૦૦૦ શેર દરેક રૂ. ૧૦૦ નો શેરદીઠ રૂ. ૭૫ ભરપાઇ | | ૩,૦૦,૦૦૦ |

| | | |
|---|---|---|
| **(૨) બિનચાલુ દેવા** | | |
| (અ) લાંબા ગાળાના ઉછીના નાણા | | |
| ૧૨% ના ડિબેન્ચર્સ | | ૩,૦૦,૦૦૦ |
| HDFC પાસેથી લોન | | ૭૫,૦૦૦ |
| **(3) ચાલુ દેવા:** | | |
| (અ) વેપારી દેવા; લેણદારો | | ૩૪,૫૦૦ |
| (બ) અન્ય ચાલુ દેવા | | |
| ડિબેન્ચર પર બાકી વ્યાજ | | ૫૪,૦૦૦ |
| HDFC લોનનું ચઢેલ વ્યાજ | | ૭૫૦૦ |
| **કુલ** | | **૧૨,૭૧,૦૦૦** |
| **(II) મિલકતો** | | |
| **(૧) બિનચાલુ મિલકતો** | | |
| (અ) કાયમી મિલકતો | | |
| (૧) દ્રશ્ય મિલકતો | | ૫,૬૦,૦૦૦ |
| (૨) અદ્રશ્ય મિલકતો; પાઘડી | | ૪૦,૦૦૦, |
| (બ) બિનચાલુ રોકાણો (બજાર કિમત રૂ. ૨૭,૫૦૦) | | ૩૨,૫૦૦ |
| (ક) અન્ય બિન ચાલુ મિલકતો; ન, નું ખાતું (ઉધાર ) | | ૨,૧૪,૦૦૦, |
| **(૨) ચાલુ મિલકતો** | | |
| (અ) માલસામગ્રી; સ્ટોક | | 3,૪૦,૦૦૦ |
| (બ) વેપારી લેણા; દેવાદારો | | ૬૦,૦૦૦ |
| લેણીહુંડી | | ૨૪,૫૦૦ |
| **કુલ** | | **૧૨,૭૧,૦૦૦** |

**સંભવિત દેવું:** પ્રેફરન્સ શેર પર એક વર્ષનું ડિવીડન્ડ બાકી છે.
નીચે મુજબની પુન:રચનાની યોજના સ્વીકારીને અપનાવવામાં આવી:

(1) પ્રેફરન્સ શેરહોલ્ડરો તેમના ડિવિડન્ડ સહિતનો 30% દાવો છોડી દે છે, બાકીની રકમ તેમને ચૂકવી દેવી.

(2) ડિબેન્ચર હોલ્ડરો તેમનું બાકી વ્યાજ જતું કરશે અને તેઓ ૧૧% ના નવા ડિબેન્ચરો સ્વીકારેછે.

(3) HDFC કંપની ચઢેલ વ્યાજનો ૫૦% ભાગ જતો કરવા એ શરતે કબુલે છે કે તેમને એકસાથે નાણા ચુકવવામાં આવે.

(4) લેણદારોને તરત જ નાણા ચુકવવામાં આવે તો તેઓ ૫% વટાવ આપવા તૈયાર છે.

(5) દેવાદારોના ૨૫% માંડી વાળવાના છે.

(6) કાયમી મિલકતો રૂ. ૭૦૦૦ થી ઘટાડવાની છે.

(7) રોકાણો તેની બજાર કિંમતે દર્શાવવાના છે.

(8) પુન:રચના ખર્ચ રૂ. ૧૬૭૫ થયો.

(9) યોજનાના અમલ માટે જરૂરી રકમ ઇક્વિટી શેરમૂડીમાં ઘટાડો કરીને મેળવવામાં આવેલ છે.

(10) છેવટે રૂ. ૧૦,૦૦૦ કાર્યશીલ મૂડી રહે તે માટે અંશત: ભરપાઈ ઇક્વિટી શેરહોલ્ડરો બાકીહપ્તા પેટે જરૂરી રકમ રોકડમાં લાવશે.

કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો અને ઘટાડા બાદનું પાકું સરવૈયું તૈયાર કરો.

**Shankar Ltd. whose balance sheet as on 31st march 2024 is as given show:**

| Particulars | Notes | Rs. |
|---|---|---|
| **(I) EQUITY AND LIABILITIES:** | | |
| **(1) Shareholders' Funds:** | | |
| Share Capital; 50,000 Equity shares of Rs. 20 | | |
| Each Rs. 10 paid up | | **5,00,000** |
| 8% Preference shares Capital; | | |
| 4000 shares of Rs. 100 each, Rs. 75 paid up | | **3,00,000** |
| **(2) Non- Current Liabilities;** | | |
| (a) Loan Term Borrowings | | |
| 12% Debentures | | 3,00,000 |

| | | |
|---|---|---|
| Loan from HDFC | | 75,000 |
| **(3) Current Liabilities;**<br>(a) Trade payables; Creditors | | 34,500 |
| (b) other Current Liabilities; | | |
| Outstanding Deb. Interest | | 54,000 |
| Outstanding Interest of HDFC | | 7500 |
| **Total** | | **12,71,000** |
| **(II) ASSESTS** | | |
| **(1) Non- Current Assets;** | | |
| (a) Fixed Assets; | | |
| (1) Tangible Assets;<br>(2) Intangible Assets; Goodwill | | 5,60,000<br>40,000 |
| (b) Non-Current Investments (Market Value Rs. 27,500) | | 32,500 |
| (c) Other Non- Current Assets; Profit & Loss A\c (Dr.) | | 2,14,000 |
| **(2) Current Assets;** | | |
| (a) Inventories; stock | | 3,40,000 |
| (b) Trade Receivables; Debtors | | 60,000 |
| Bills Receivables | | 24,500 |
| **Total** | | **12,71,000** |

Preference dividend is in arrears for one year.
The following scheme of reconstruction is approved and adopted:

(1) Preference shareholders to give up their claim inclusive of dividend to the Extent of 30% and balance to be paid off.

(2) The debenture holders agreed to forgo the interest outstanding and accepted11% new debentures.

(3) HDFC Co. Ltd. agreed to give up 50% of their interest outstanding Consideration of their claim being paid off at once.

(4) Sundry creditors would like to grant a discount of 5% if they were to be Paid off immediately.

(5) 25% of the total sundry debtors to be written off.

(6) Fixed assets to be written down by Rs. 7000

(7) Investment to be reflected at their market value.

(8) Cost of reconstruction is Rs. 1675.

(9) Necessary amount required to implement the scheme be obtained by reducing the equity share capital.

(10) The equity shareholders bring in necessary cash against their partly paid share to leave working capital (Closing bank balance at Rs. 10,000)

Pass journal entries in the books of company and prepare the balance sheet after Reduction.

**અથવા**

**OR**

**અંબા લિ.નું તા. ૩૧-૩-૨૦૨૪ ના રોજનું કાંચુ સરવૈયું નીચે મુજબ છે.**

| ઉધાર બાકી | રૂ. | જમાબાકી | રૂ. |
|---|---|---|---|
| ડિબેન્ચર પરત નિધિના રોકનો | ૬૦,૦૦૦ | ઇક્વિટી શેરમૂડી | ૮,૦૦,૦૦૦ |
| દેવાદારો | ૧,૯૮,૦૦૦ | ૧૦% ડિબેન્ચર | ૧,૫૦,૦૦૦ |
| અન્ય રોકાણો | ૪,૯૭,૧૦૦ | જામીનગીરી પ્રિમીયમ | ૬૩,૦૦૦ |
| પ્રાથમિક ખર્ચા | ૧૮૦૦૦ | સામાન્ય અનામાત | ૨,૭૦,૦૦૦ |

| | | | |
|---|---|---|---|
| બાકી હપ્તા | ૩૦,૦૦૦ | મૂડી અનામત | ૧,૬૫,૦૦૦ |
| ઉત્પાદન ખર્ચા | ૧,૦૫,૬૦૦ | પ્રોવિડન્ટ ફંડ | ૩૯,૦૦૦ |
| પ્રોવિડન્ટ ફંડ માં ફાળો | ૭૫૦૦ | ડિબેન્ચર પરત નિધિ | ૬૦,૦૦૦ |
| ખરીદી | ૩,૨૦,૪૦૦ | વેચાણ | ૭,૮૦,૦૦૦ |
| ફર્નિચર | ૯૬,૦૦૦ | નફા નુકસાન ખાતું ; ૧-૪-૨૩ | ૧૬,૫૦૦ |
| યંત્રો | ૩,૪૫,૦૦૦ | લેણદારો | ૯૯,૦૦૦ |
| જમીન અને મકાન | ૫,૧૦,૦૦૦ | ઘાલખાધ અનામત | ૯૦૦૦ |
| પગાર | ૧,૭૧,૦૦૦ | જાહેર થાપણો | ૪૩,૮૦૦ |
| શરૂનો સ્ટોક | ૯૯,૦૦૦ | બેંક લોન | ૭૬,૨૦૦ |
| ઓડીટ ફી | ૧૦,૫૦૦ | રોકાણોની આવક | ૨૮,૫૦૦ |
| પાઘડી | ૩૬,૦૦૦ | | |
| ડિફર્ડ ટેક્સ એસેટ્સ | ૮૪,૦૦૦ | | |
| ભાંડુ અને વેરા | ૬૦,૦૦૦ | | |
| રોકડ-બેંક | ૩૨,૪૦૦ | | |
| પોસ્ટેજ ટેલીગ્રામ | ૧૯,૫૦૦ | | |
| | **૨૭,૦૦,૦૦૦** | | **૨૭,૦૦,૦૦૦** |

**વધારા ની માહિતી:**

(1) તા. ૩૧-૩-૨૦૨૪ ના રોજ સ્ટોક રૂ. ૩,૦૦,૦૦૦ છે.

(2) દેવાદારો પર ૫% ઘાલખાધ અનામત રાખો.

(3) કરવેરાની જોગવાઇ રૂ.૪૨, ૦૦૦ કરવાની છે.

(4) અગાઉથી ચૂકવેલ ભાડું રૂ. ૧૫,૦૦૦ છે.

(5) યંત્રો પર ૧૦% અને ફર્નિચર પર ૧૨% ઘસારો ગણો.

(6) ચૂકવવાના બાકી ખર્ચા નીચે મુજબ છે:

| | |
|---|---|
| ભાડું અને વેરા | રૂ. ૪૫૦૦ |
| પગાર | રૂ. ૯૦૦૦ |
| ઉત્પાદન ખર્ચા | રૂ. ૭૫૦૦ |

(7) સામાન્ય અનામત ખાતે રૂ. ૭૫,૦૦૦ લઇ જવાના છે.

(8) પ્રાથમિક ખર્ચા માંડી વાળો.

(9) કંપનીની સત્તાવાર થાપણ રૂ ૩૦,૦૦,૦૦૦ છે.જે દરેક રૂ.૧૦ ના શેરમાં વહેચાયેલી છે, ડિરેક્ટર બોર્ડ ભરપાઈ થયેલી શેરમૂડીના ૧૦% ડિવિડન્ડની ભલામણ કરેલ છે.

ઉપરોક્ત આપેલ વધારાની માહિતીને આધારે તમારે ૨૦૧૩ ના કંપનીધારાના પરિશિષ્ટ – ૩ મુજબ વાર્ષિક હિસાબો તૈયાર કરવાના છે.

The trial balance of Amba Ltd. as on Date. 31-3-2024 is as under:

| **Debits** | **₹** | **Credits** | **₹** |
|---|---|---|---|
| Investment of debenture redemption | 60,000 | Equity Share Capital | 9,00,000 |
| Debtors | 198,000 | 10% Debenture | 1,50,000 |
| Other Investments | 4,97,000 | Security Premium | 63,000 |
| Preliminary Expenses | 18,000 | General Reserve | 2,70,000 |
| Calls-in-arrears | 30,000 | Capital Reserve | 1,65,000 |
| Production Expenses | 1,05,000 | Provident Fund | 39,000 |
| Provident fund contribution | 7,500 | Debenture Redeem Fund | 60,000 |
| Purchase | 3,20,400 | Sales | 7,80,000 |
| Furniture | 96,000 | Profit & Loss A/c (1-4-23) | 16,500 |
| Machinery | 3,45,000 | Creditors | 99,000 |
| Land & Building | 5,10,000 | Bed Debts Reserve | 9000 |
| Salary | 1,71,000 | Public Deposits | 43,800 |
| Opening Stock | 99,000 | Bank Loan | 76,200 |
| Audit Fee | 10,500 | Income of Investments | 28,500 |
| Goodwill | 36,000 | | |
| Deferred Tax Assets | 84,000 | | |
| Rent and Taxes | 60,000 | | |
| Cash-Bank | 32,400 | | |
| Postage-Telegram | 19,500 | | |
| | **27,00,000** | | **27,00,000** |

**Additional Information:**

(1) The stock on 31-3-2024 was Rs. 3,00,000.
(2) Provide 5% reserve for bad debts on debtors.
(3) Make a Provision for income tax of Rs. 42,000
(4) Prepared rent amounted to Rs. 15,000.
(5) Calculate depreciation on machinery 10% and on Furniture at 12%.
(6) The remaining expenses to be paid are as follows:

| | |
|---|---|
| Rent and Taxes | Rs. 4500 |
| Salaries | Rs. 9000 |
| Production Expenses | Rs. 7500 |

(7) Transfer of Rs. 75,000 to general Reserve.
(8) Write off Preliminary Expenses.
(9) The Authorized Capital of the company amounts to Rs. 30, 00,000 of Rs. 10. The directors of company recommended 10% dividend on paid up share Capital. You are required to prepare the balance sheet as per Company Act 2013, scheduled -3 from above following information.

**Q.4 (A) હરસિધ્ધિ લિ.ની નીચેની માહિતી પરથી તેમના ચોપડામાં જરૂરી આમનોંધ લખો .** **8**

હરસિધ્ધિ લિ. તેના ૨,૦૦,૦૦૦ ૧૫% ના રેડીમેબલ પ્રેફરન્સ શેરસ દરેક રૂ. ૧૦નો ૧૦% પ્રિમીયમે પરત કરવા ઈચ્છે છે પરત કરતા પહેલા હરસિધ્ધિ લિ. ના અમુક ખાતાઓની બાકી નીચે મુજબ હતી.

| | રૂ. |
|---|---|
| બેંક ખાતું | ૪૦,૦૦૦ |
| નફા નુકસાન ખાતું | ૧૨,૦૦,૦૦૦ |
| સામાન્ય અનામત | ૧૮,૦૦,૦૦૦ |
| રોકાણો | ૮૦,૦૦૦ |

હરસિધ્ધી લિ. દ્વારા ઉપર દર્શાવેલ રોકાણો વેચાણ કિમત ઉપર $33\frac{1}{3}$ %નફો મળે તે રીતે વેચવામાં આવ્યા . કંપની પ્રેફરેન્સ શેર પરત બાદની આખરની બેંકની બાકી રૂ. ૨,૪૦,૦૦૦ રાખશે.

કંપની દ્વારા જરૂરી સંખયામાં ઇક્વિટી શેર દરેક રૂ. ૧૦ નો રૂ. ૧૫ ના ભાવે જાહેર જનતામાં બહાર પડાય છે . કંપનીએ તેના બહાર પાડેલ શેર ઉપર બધાજ નાણા મેળવેલ છે.

**You are required to pass Journal entries in the books of Harsidhdhi Ltd. from the following Information:**

Harsidhdhi Ltd. wants to redeem its 2,00,000, 15% Redeemable preference Shares of Rs. 10 each at 10% premium. Balance of certain accounts before Redemption are as below.

| | **Rs.** |
|---|---|
| Bank balance | 40,000 |
| Profit & Loss Account | 12,00,000 |
| General Reserve | 18,00,000 |
| Investments | 80,000 |

Harsidhdhi Ltd. Sells the investment by changing $33\frac{1}{3}\%$ Profit on sales Value of The investment. Company will keep closing bank balance Rs. 2,40,000 After the Redemption of preference shares. Company will issue required number Of equity shares of Rs. 10 each at Rs. 15 to the public. Company receives all the money on the shares issued.

**અથવા**

**OR**

**(A) ચેતના કંપની લિ . નું તા . ૩૧-૩-૨૦૨૩ ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે ;** **8**

| **વિગત** | **નોંધ** | **રકમ રૂ.** |
|---|---|---|
| **(1) ઇક્વિટી અને દેવા :** | | |
| **(1) શેરહોલ્ડરોના ભંડોળો:** | | |
| (a) શેરમૂડી; | | |
| ઇક્વિટી શેર દરેક રૂ. ૧૦ નો પૂર્ણ ભરપાઈ | | ૬,૦૦,૦૦૦ |
| ૧૫% ના રિડી.પ્રેફ. શેર દરેક રૂ. ૧૦૦નો શેરદીઠ રૂ. ૬૦. ભરપાઈ | | ૧,૨૦,૦૦૦ |
| (b) અનામત અને વધારો ; | | |

| | | |
|---|---|---|
| સામાન્ય અનામત | | ૧,૨૦,૦૦૦ |
| નફા નુકસાન ખાતું | | ૬૦,૦૦૦ |
| જામીનગીરી પ્રીમીયમ | | ૨૦,૦૦૦ |
| **(3) ચાલુ દેવા :** | | |
| (a) વેપારી દેવા: લેણદારો | | ૮૦,૦૦૦ |
| **કુલ** | | **૧૦,૦૦,૦૦૦** |
| **(II) મિલકતો** | | |
| **(1) બિનચાલુ મિલકતો** | | |
| (a) કાયમી મિલકતો | | ૭,૦૦,૦૦૦ |
| b) બિનચાલુ રોકાણો<br>( દા.કિ.રૂ.૮૦,૦૦૦ ) | | ૧,૧૪,૦૦૦ |
| **(2) ચાલુ મિલકતો** | | |
| (a) માલસામગ્રી : સ્ટોક | | ૪૬,૦૦૦ |
| (b) વેપારી લેણા : દેવાદારો | | ૬૦,૦૦૦ |
| (c) રોકડ અને રોકડ સમકક્ષ: બેંક સિલક | | ૮૦,૦૦૦ |
| **કુલ** | | **૧૦,૦૦,૦૦૦** |

૧-૪-૨૦૨૩ ના રોજ કંપનીએ કંપની ધારાની જોગવાઈઓનું પાલન કર્યા બાદ ૧૫% ના રિડી. પ્રેફરન્સ શેરો ૨૦% પ્રીમિયમથી પરત કરવાનું નક્કી કર્યું. આ હેતુ માટે નફા નુકશાન ખાતે રૂ. ૫૦,૦૦૦ ની બાકી રાખીને જરૂરી નવા ૧૨% ક્યુમ્યુલેટીવ પ્રેફરન્સ શેર દરેક રૂ. ૧૦ નો રૂ. ૫ ના પ્રીમિયમે બહાર પાડ્યા. બધા જ રોકાણો રૂ. ૧૮૦ ના ભાવે વેચ્યા હતા. પ્રેફરન્સ શેર હોલ્ડરોને નાણા ચૂકવ્યા.

પ્રેફરન્સ પરત કર્યા બાદ કંપનીએ 30 ઇક્વિટી શેરદીઠ ૮ બોનસ શેર મૂળ કિંમતે આપવાનું નક્કી કર્યું.

ઉપરના વ્યવહારો નોંધવા આમનોંધ લખો.

**The Balance Sheet of Chetana Co. Ltd as on 31-3-2023 is as under:**

| Particulars | Notes | Rs. |
|---|---|---|
| **(I) EQUITY AND LIABILITIES:** | | |
| **(1) Shareholder's Funds:** | | |
| **(a) Share Capital:** | | |
| Equity shares of Rs. 10 Each fully paid | | 6,00,000 |
| up 15% Redeemable preference shares of Rs. 100 Rs. 60 paid up | | 1,20,000 |
| **(b) Reserves and surplus ;** | | |
| General Reserve | | 1,20,000 |
| Profit & Loss A\c | | 60,000 |
| Securities premium | | 20,000 |
| **(3) Current Liabilities;** | | |
| (a) Trade payables; Creditors | | 80,000 |
| **Total** | | **10,00,000** |
| **(11) ASSETS;** | | |
| **(1) Non-Current Assets;** | | |
| (a) Fixed Assets | | 7,00,000 |
| b) Non – Current Investment ; (Face Value Rs. 80,000) | | 1,14,000 |
| **(2) Current Assets;** | | |
| (a) Inventories; Stock | | 46,000 |
| (b) Trade Receivable ; Debtors | | 60,000 |

| | | |
|---|---|---|
| (c) Cash and Cash Equivalents; Cash Balance | | 80,000 |
| **Total** | | **10,00,000** |

The company on 1-4-2023 decided redeem 15% redeemable preference shares at 20% premium after complying with the provision laid down under the Companies Act and for the purpose issued new necessary 12% Cumulative Preference Shares of Rs. 10 each at a premium of Rs. 5 on each share after keeping a balance of Rs. 50,000 in Profit & Loss A/c. All investments were sold at Rs. 180 each.

After redemption, the company decided to give 8 bonus shares for every 30 equity shares at par.

Journalise the above transactions and prepare a balance sheet thereafter.

**(B) ટૂંકનોંધ લખો. (ગમે તે બે)** **6**

**Write the short notes on: (Any two)**

(1) બોનસ શેરના પ્રાપ્તિસ્થાનો
Sources of Bonus Shares

(2) ૨૦૧૩ ના કંપનીધારા મુજબ કાલ્પનિક આંકડાઓ સહિત નફા નુકશાનનું પત્રક
Profit & Loss Statement with imaginary figures as per Companies Act, 2013

(3) મૂડી ઘટાડા અંગે કંપનીધારાની જોગવાઈઓ
Provisions of Companies Act relating to Capital Reduction

(4) રીડીમેબલ પ્રેફરન્સ શેરના નાણા પરત કરવા અંગે કંપનીધારા ૨૦૧૩ ની કલમ - ૫૫ મુજબ જોગવાઈઓ
Provisions of Companies Act 2013 for Redemption of Redeemable Preference Shares (Section-55)

*****